## ચાઈલ્ડ લાઈન

ચાઈલ્ડ લાઈન, ભારત સરકાર દ્વારા ૨૪ કલાક ચાલતી હેલ્પલાઈન છે. જેનો ટોલ ફ્રી નંબર ૧૦૯૮ છે. તેનું આણંદ ખાતેનું કેન્દ્ર ત્રિભુવનદાસ ફાઉન્ડેશનને સોંપવામાં આવેલ છે. તેમાં ૦ થી ૧૮ વર્ષ સુધીનાં બાળકો કે જેમને કાળજી અને રક્ષણની જરૂર છે તેવા બાળકોને આવરી લેવામાં આવે છે. જો કોઈ બાળકને મારતું હોય, મજુરી કરાવતું હોય, ભીખ મંગાવતું હોય, બાળક બીમાર હોય, મદદની જરૂર હોય, તેનું શોષણ કરવામાં આવતું હોય તો ૧૦૯૮ પર ફોન કરવાથી ૧ કલાકની અંદર ત્રિભુવનદાસ ફાઉન્ડેશનનો ચાઈલ્ડ લાઈનનો સ્ટાફ પહોંચી જરૂરી મદદ કરે છે. આ માટે આણંદના અલગ અલગ વિસ્તારમાં જઈ જાગૃતિ પણ ફેલાવવામાં આવે છે. દર મહિને આવતા ૨૫-૩૦ કેસમાં બાળકોને જે તે લાભ આપવામાં આવે છે.




## તપોવન

ભવિષ્યનાં આવનાર બાળકો પ્રતિભાવાન, તેજસ્વી, ઓજસ્વી, વર્ચસ્વી, સુસંસ્કૃત અને સુખી થાય તે હેતુથી સરકારશ્રીના સહયોગથી ગામડાંની સગર્ભા બહેનોને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા માનસિક અને આધ્યત્મિક જ્ઞાન પુરું પાડવામાં આવે છે.



## હસ્તકલા વિભાગ



ગામડાંની બહેનોને ઘરે બેઠાં રોજગારી મળે અને તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થાય તે હેતુથી ૧૯૮૨માં હસ્તકલા વિભાગની શરૂઆત કરવામાં આવી હતી. ગામડાંની બહેનોને તાલીમ આપી તેમની પાસે બેડ શીટ, તોરણ, મોબાઈલ બેગ, ટેબલનાં કવર, ઓશિકાનાં કવર, બગલથેલા વિગેરે બનાવડાવીને તેમને ઘરે બેઠાં તેને નક્કી કરેલી રકમ ચુકવવામાં આવે છે. તેનું ફાઈનલ ટચ ત્રિભુવનદાસ ફાઉન્ડેશનના હસ્તકલા વિભાગના વર્કશોપમાં કરવામાં આવે છે. ત્રિભુવનદાસ ફાઉન્ડેશનના હસ્તકલા વિભાગ દ્વારા આ પ્રોડક્ટનું વેચાણ કરવામાં આવે છે.

ત્રિભુવનદાસ ફાઉન્ડેશનમાં દરેક સ્તરે ખર્ચમાં ઘટાડો કરી ગ્રામજનોને ગુણવત્તા યુક્ત સેવાઓ ઓછા ખર્ચે મળી રહે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવે છે. ત્રિભુવનદાસ ફાઉન્ડેશન બહેનોને રોજગારી આપતી સંસ્થા છે. તેનો ૭૫% જેટલો સ્ટાફ બહેનોનો છે. ત્રિભુવનદાસ ફાઉન્ડેશનમાં એ વાતનું સતત ધ્યાન આપવામાં આવે છે કે તેને મળેલા પશુપાલકોના મહેનતના નાણાંનું યોગ્ય વળતર મળી રહે અને તેમના કિંમતી સંસાધનોનો બગાડ ન થાય.

ત્રિભુવનદાસ ફાઉન્ડેશનમાં વહીવટી ખર્ચ ઓછો થાય તે માટે પ્રયત્નો કરી ગ્રામ્યજનોને અપાતી સેવાઓ પાછળ વધારે ખર્ચ થાય તેવો પ્રયત્ન કરવામાં આવે છે જેથી ગ્રામ્યજનોને સારામાં સારી સેવાઓ પુરી પાડી શકાય. ત્રિભુવનદાસ ફાઉન્ડેશનમાં એવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં આવે છે જેનાથી લોકોને બિનજરૂરી ખર્ચ ન થાય અને તેમના આરોગ્યમાં સુધારો થાય, ઉદાહરણ તરીકે કાંગારૂ મધર કેર પધ્ધતિના ઉપયોગને પ્રોત્સાહન, જેનાથી ઓછા વજન વાળાં બાળકોને કાચની પેટી (ઈન્ક્યુબેટર)માં રાખવાનો ખર્ચ બચાવી શકાય છે.

ત્રિભુવનદાસ ફાઉન્ડેશનના સતત પ્રયત્નોને કારણે તેના વિસ્તારમાં માતા મૃત્યુ દર અને બાળ મૃત્યુ દરમાં ઘણો નોંધપાત્ર ઘટાડો જોવા મળેલ છે.

| | |
|---|---|
| **Name of the Trust** | : TRIBHUVANDAS FOUNDATION |
| **Address** | : Rajodpura, Near Chikhodara Over Bridge<br>Anand - 388 001 GUJARAT INDIA |
| **Contact No.** | : 02692 240151 / 250166 / 256166 |
| **Kapadwanj Sub Center** | : 02691 252323 |
| **Kheda Sub Center** | : 02694 225074 |
| **Balasinor Sub Center** | : 02690 266054<br>94276 17893, 94261 61544, 94094 02516 |
| **Website** | : http:/tribhuvandasfoundation.com |
| **Email Address** | : tf_org@yahoo.com,<br>tfngo1970@gmail.com |
| **Income Tax Act No.** | : Income tax exemption u/s 80G (5)<br>104/80G/7-5/2008-2009/402<br>dated 24 july 2008 and continue<br>as per Finance (No.2) act 2009 |

# ત્રિભુવનદાસ ફાઉન્ડેશન


**TRIBHUVANDAS FOUNDATION**
Rajodpura,
Near Chikhodara Over Bridge
Anand - 388 001
GUJARAT (INDIA)

## સુસંકલિત ગ્રામ્ય આરોગ્ય વિકાસ કાર્યક્રમ

ત્રિભુવનદાસ ફાઉન્ડેશન અમુલ પ્રેરિત દૂધ મંડળીઓ દ્વારા ચાલતો સુસંકલિત ગ્રામ્ય આરોગ્ય વિકાસ કાર્યક્રમ છે. અમુલ ડેરીના સ્થાપક શ્રી ત્રિભુવનદાસ પટેલ જ્યારે નિવૃત થયા ત્યારે તેમણે આપેલ અમુલ્ય યોગદાનને કારણે પશુપાલકોએ રૂપિયા ૬.૫ લાખ ભેગા કરી શ્રી ત્રિભુવનદાસ પટેલને આપેલ હતા. લોકસેવાને વરેલ એવા શ્રી ત્રિભુવનદાસ પટેલે તે રકમમાં તેમને મળેલ મેગ્સેસે એવોર્ડની રકમ ઉમેરીને ડો. કુરીયનના સહયોગથી ત્રિભુવનદાસ ફાઉન્ડેશનની સ્થાપના ૧૯૭૫માં કરી હતી કારણ કે તે સમયે ગ્રામ્યજનો માટે આરોગ્યની સગવડોનો અભાવ હતો.

સંસ્થા હાલ મધ્ય ગુજરાતના ખેડા, આણંદ અને મહીસાગર જીલ્લામાં ગ્રામ્ય સ્તરે દૂધ મંડળીના સહયોગથી પ્રાથમિક આરોગ્યની સેવાઓ ૮૩૫ ગામડાંમાં પુરી પાડી રહેલ છે. સંસ્થાની સુંદર કામગીરી બદલ સરકારશ્રી તરફથી તેમજ અન્ય સંસ્થાઓ તરફથી ઘણા એવોર્ડ પણ મળેલા છે. વર્ષે ૧૮,૦૦,૦૦૦ (અઢાર લાખ) થી પણ વધારે લોકો સંસ્થાની સેવાઓનો લાભ લે છે. સંસ્થાનો આરોગ્ય કાર્યક્રમ ગ્રામ્યજનો દ્વારા ચાલતો ગ્રામ્યજનો માટે અનોખો કાર્યક્રમ છે. આ આરોગ્ય કાર્યક્રમ એશિયા ખંડના સૌથી મોટા આરોગ્ય કાર્યક્રમ પૈકીનો એક આરોગ્ય કાર્યક્રમ છે. સંસ્થા પબ્લિક ટ્રસ્ટ એક્ટ (૧૯૫૦) હેઠળ નોંધાયેલ છે. જેનો રજીસ્ટ્રેશન નંબર Kaira, E/2325 July 29, 1975 E/1348/Anand 3rd September 2001 (New) છે.

ગ્રામ્ય આરોગ્ય સેવાને સમર્પિત એવા ડોક્ટરો, (MBBS, Gynecologists, Pediatrician, Physiotherapists, Dentist, AYUSH), નર્સો, વહીવટી સ્ટાફ, ફિલ્ડ વર્કરો, ગ્રામ્ય સ્વાસ્થ્ય સહાયિકા બહેનો સંસ્થાના આરોગ્ય કાર્યક્રમો ચલાવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. સંસ્થાની મુખ્ય ઓફીસ આણંદ ખાતે આવેલ છે અને પેટા કેન્દ્રો કપડવંજ, ખેડા, બાલાસિનોર અને તારાપુર ખાતે આવેલા છે. બીજા નાના ૧૦ કેન્દ્રો છે. ગ્રામ્ય સ્વાસ્થ્ય સહાયિકા બહેન ગ્રામ્યજનો દ્વારા નક્કી કરવામાં આવે છે જે તેના ગામમાં ઘરે ઘરે ફરી આરોગ્યની સેવાઓ પુરી પાડે છે. ગ્રામ્ય સ્વાસ્થ્ય સહાયિકા બહેનોને નક્કી કરેલા કેન્દ્રો પર દર મહીને આરોગ્ય વિષયક તાલીમ આપવામાં આવે છે. જરૂરીયાત મુજબ આરોગ્યના નવા વિષયો તાલીમમાં ઉમેરવામાં આવે છે.



રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરના અનેક મહાનુભાવોએ સંસ્થાની મુલાકાત લઇ તેની સેવાઓને બિરદાવી છે.

**ઈ.સ. ૧૯૯૩માં સંસ્થાને ભારત સરકાર તરફથી પરિવાર કલ્યાણ ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરતી સ્વૈચ્છિક સંસ્થા તરીકે પ્રથમ પારિતોષિક પણ મળેલ છે.**

## સેવાઓનું કાર્યક્ષેત્ર

**ત્રિભુવનદાસ ફાઉન્ડેશન સામૂહિક આરોગ્ય કાર્યક્રમ હાલમાં ૮૩૫ ગામોમાં ચાલે છે.**

## પ્રાથમિક આરોગ્ય સંભાળ કાર્યક્રમ

પ્રાથમિક આરોગ્ય સંભાળ કાર્યક્રમ ત્રિભુવનદાસ ફાઉન્ડેશનનો પાયાનો કાર્યક્રમછે. વર્ષે ૮,૦૦,૦૦૦ કરતાં પણ વધુ લોકો તેનો લાભ લે છે. આ કાર્યક્રમ હેઠળ ગામના જ એક જાતે સેવા આપવા માંગતા કાર્યકર બહેન જે ગ્રામ્ય સ્વાસ્થ્ય સહાયિકા બહેન તરીકે ઓળખાય છે તેને આરોગ્યના વિવિધ વિષયો પર તાલીમ આપવામાં આવે છે. તે ઘરે ઘરે ફરી લોકોને જાગૃત કરે છે. તેમને પ્રાથમિક સારવારની દવાઓ પણ આપવામાં આવે છે જેથી તે સામાન્ય રોગોમાં તેનો ઉપયોગ કરી શકે. ગંભીર રોગોમાં તે યોગ્ય દવાખાને મોકલી શકે તે અંગેની તાલીમ પણ આપવામાં આવે છે.

ત્રિભુવનદાસ ફાઉન્ડેશનનો ગ્રામ્ય આરોગ્ય કાર્યક્રમ ગ્રામ્યજનોની પોતાની માલિકીનો, ગ્રામ્યજનો દ્વારા અને ગ્રામ્યજનો માટે ચાલતો અનોખો કાર્યક્રમ છે. આ કાર્યક્રમ હેઠળ ગામમાં ડેરી પર અને ઘરે તબીબી સેવાઓ તેમજ અન્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે.







## માસિક સુરક્ષા સ્વચ્છતા કાર્યક્રમ

માસિક સુરક્ષા સ્વચ્છતા કાર્યક્રમ ઓક્ટોબર ૨૦૧૧ થી શરૂ કરવામાં આવેલ છે. માસિક સમયે બહેનોને તથા દીકરીઓને સ્વચ્છતા વિષે સમજ આપવામાં આવે છે અને ગુણવત્તાવાળા સેનેટરી પેડનું રાહત દરે ગ્રામ્ય સ્વાસ્થ્ય સહાયિકા બહેનો દ્વારા વિતરણ કરવામાં આવે છે. આ માટે જાગૃતિ લાવવા શાળાઓમાં તેમજ ગામમાં જાણકારી આપવામાં આવે છે.

## માતા બાળક આરોગ્ય સંભાળ કાર્યક્રમ

માતા બાળક આરોગ્ય સંભાળ કાર્યક્રમ એ ફાઉન્ડેશનના મુખ્ય કાર્યક્રમ પૈકીનો સૌથી મહત્વનો કાર્યક્રમ છે. આ કાર્યક્રમ હેઠળ ગામડાની સગર્ભા બહેનોને સગર્ભાવસ્થામાં રાખવાની સંભાળ વિષે ઘરે ઘરે ફરીને જાણકારી આપવામાં આવે છે. કોઈપણ સમયે ત્રિભુવનદાસ ફાઉન્ડેશનની ગ્રામ્ય સ્વાસ્થ્ય સહાયિકા બહેનો આશરે ૩૦,૦૦૦ જેટલી સગર્ભા બહેનોના આરોગ્યનું ધ્યાન રાખતી હોય છે. સાથે સાથે નવા જન્મનાર બાળકનું ધ્યાન પણ કેવી રીતે રાખવું તેની પણ વિગતવાર ઉંડી સમજ આપતી હોય છે. ગામમાં ઘરે ઘરે ફરી ગર્ભધારણ અંગે પણ બહેનોને યોગ્ય રીતે સમજ આપવામાં આવે છે.



## વ્યસન મુક્તિ કાર્યક્રમ



અનુભવોથી એમ જાણવા મળ્યું છે કે મોટી ઉંમરે વ્યસન છોડવવું અઘરું હોય છે. તેથી નાની ઉંમરેથી જ વ્યસનના ભયસ્થાનો અંગે જાણકારી આપવામાં આવે તો લોકોને વ્યસન કરતાં અટકાવી શકાય છે. આ કારણથી વર્ષ ૨૦૧૨-૨૦૧૩ થી દરેક જુલાઈ અને ડીસેમ્બર મહિનામાં ત્રિભુવનદાસ ત્રિભુવનદાસના કાર્યકરો ગામની દરેક શાળામાં જઈ વિદ્યાર્થીઓને વ્યસનના ભયસ્થાનોની જાણકારી આપે છે. વર્ષે ૧,૬૦,૦૦૦ કરતાં પણ વધારે વિદ્યાર્થીઓનો સંપર્ક કરવામાં આવે છે. આનો પ્રતિભાવ ખુબ જ હકારાત્મક રહેલ છે.

## ગામડાના લોકો માટે દવાખાના/હોસ્પિટલની સગવડ

વર્ષે ૧,૫૦,૦૦૦ કરતાં પણ વધારે ગામડાનાં દર્દીઓ ત્રિભુવનદાસ ફાઉન્ડેશનના દવાખાનાની સેવાઓનો લાભ લે છે. ૨૦,૦૦૦ જેટલા દરદીના ૯૦,૦૦૦ જેટલા લેબ ટેસ્ટ કરવામાં આવે છે. સંસ્થાના કપડવંજ કેન્દ્રની હોસ્પિટલમાં વર્ષે ૨૦૦૦ જેટલી સુવાવડ થાય છે. નાના બાળકો માટે SNCU શરૂ કરવામાં આવેલ છે. જેમાં વર્ષે ૫૦૦ જેટલા બાળકોને દાખલ કરવામાં આવે છે OPD માં ૧૫,૦૦૦ જેટલા બાળકોને સારવાર આપવામાં આવે છે. ખૂબ જ ઓછા દરે પ્રમાણિત ધારાધોરણોને અનુસરીને કુશળ સ્ટાફ દ્વારા ગ્રામજનોને સુવાવડની સેવાઓ તેમજ અન્ય જરૂરી સેવાઓ પુરી પાડવામાં આવે છે. આણંદ ખાતે પણ મેટરનીટી હોમ શરૂ કરવામાં આવેલ છે. સંસ્થાના આણંદ, કપડવંજ અને તારાપુર કેન્દ્ર ખાતે ખૂબ જ ઓછા દરે સોનોગ્રાફીની સગવડ ઉપલબ્ધ છે. સામાન્ય રોગોની સારવાર પણ સંસ્થાના કેન્દ્રો પર કરવામાં આવે છે.





**બીજી અન્ય દવાખાનાને લગતી સગવડ પણ ગ્રામ્યજનો માટે ઉપલબ્ધ છે જેમ કે**

### આયુર્વેદિક દવાખાનું



### ફિજિયોથેરાપી



### દાંતનું દવાખાનું



### હોમિયોપેથીક દવાખાનું



### મોતિયાના કેમ્પ

ગ્રામ્ય સ્વાસ્થ્ય સહાયિકા બહેનો દ્વારા સંભવિત મોતિયાના દરદીઓને ઓળખીને નક્કી કરેલા દિવસે ત્રિભુવનદાસ ફાઉન્ડેશનના કેન્દ્ર પર લાવવામાં આવે છે. ત્યાં શંકરા આઈ હોસ્પિટલના નિષ્ણાત ડોક્ટર દ્વારા દર્દીઓને તપાસીને તેમનું મફત ઓપરેશન શંકરા આઈ હોસ્પિટલ ખાતે કરવામાં આવે છે. દર વર્ષે ૩૦૦૦ કરતાં પણ વધારે ગ્રામ્યજનો તેનો લાભ લે છે.

